For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## ગુજરાત બનેગા ખાલિસ્તાન


# વડોદરાની 18 સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

### પોલીસ તંત્ર એલર્ટ મોડમાં

### સાંજે અમિત નગર પાસે આવેલ બ્રાઇટ ડે સ્કૂલને મળ્યો મેલ : આજે પણ શાળામાં રજા અપાઇ

### શહેર-જિલ્લામાંથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક પદાર્થ મળી આવ્યો નથી

વડોદરા : વડોદરા શહેરની 18 સ્કુલોને ઈ-મેઈલ દ્વારા ગુજરાત બનેગા ખાલિસ્તાન તેવો મેસેજ લખીને બોમ્બથી ઉડાવી દેવાની ગર્ભિત ધમકી મળતા પોલીસ કમિશનર, એડિશનલ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સહિતનું તંત્ર એક્શન મોડવામાં આવી ગયું હતું. ત્યારબાદ વિવિધ સ્કૂલના પરીસર સહિતની વિવિધ જગ્યાઓ પર બીડીડીએસ, ડોગ અને સ્કવોર્ડ દ્વારા ચેકિંગ સાથે રાખી સ્કુલોમા સઘન ચેકિંગ કરી, ઈ-મેઈલ મોક્લનાર શખ્સ વિરૂધ્ધ સાઈબર ક્રાઈમ દ્વારા કાર્યવાહી શરૂ કરાઈ છે. બોમ્બનો મેલ મળતાની સાથે તમામ શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને રજા આપી દેવાઈ હતી. જેના કારણે બાળકો તથા વાલીઓ સહિતના લોકોમા ભયનો માહોલ ફેલાયો હતો. જોકે આખો દિવસ ચકાસણી કરવા છતાં કોઈ શંકાસ્પદ પદાર્થ વસ્તુ નહી મળતા તંત્રે હાશકારો અનુભવ્યો હતો.





### વડોદરાના ગ્રામ્ય વિસ્તારની 7 સ્કૂલોને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી



ડભોઈ

વડોદરા શહેર બાદ હવે ગ્રામ્ય વિસ્તારમાં આવેલી 7 સ્કૂલોને પણ બોમ્બથી ઉડાવી દેવાની ગર્ભિત ધમકી ભર્યો ઈ-મેઈલ મળતા જિલ્લા પોલીસ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ સહિતની એજન્સીઓ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ છે. સુરક્ષાના ભાગરૂપે તમામ સ્કૂલોમાંથી વિદ્યાર્થીઓને તાત્કાલિક રજા આપવામાં આવી હતી, જેના કારણે વાલીઓમાં ગભરાટ ફેલાયો અને મોટી સંખ્યામાં વાલીઓ સ્કૂલો પર પહોંચી ગયા હતા.

### ધમકીવાળા મેલ કોણ અને કેમ મોકલે છે?

છેલ્લા કેટલાક વર્ષોમાં શાળા, સરકારી કચેરીઓ અને એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીવાળા ઈમેઈલની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મોટાભાગે તપાસ બાદ આ ધમકીઓ ખોટી સાબિત થાય છે, છતાં તેના કારણે સમગ્ર વહીવટી તંત્ર દોડતું થઈ જાય છે, જનજીવન અસ્તવ્યસ્ત બને છે અને લોકોમાં ભય ફેલાય છે. પ્રશ્ન એ છે કે આવા ધમકીભર્યા ઈમેઈલ મોકલવાનો હેતુ શું છે અને પાછળ કોણ હોય છે? આ વિષય પર સાયબર નિષ્ણાત મયુર ભુસાવળકર વિગતવાર પ્રકાશ પાડે છે.બોમ્બ ધમકીવાળા ઈમેઈલ મોકલવાના મુખ્ય હેતુ 1. ડર અને ગભરાટ ફેલાવવોસાયબર અપરાધીઓનું સૌથી મોટું હથિયાર “ડર” છે. માત્ર એક ખોટી બોમ્બ ધમકીથી શાળા ખાલી કરાવવી પડે છે, એરપોર્ટ પર ફ્લાઇટ્સ અટકે છે, સરકારી કચેરીઓનું કામ ઠપ્પ થઈ જાય છે અને જનતામાં ભય તથા અફરાતફરી ફેલાય છે. ભૌતિક નુકસાન ન હોવા છતાં માનસિક રીતે સમાજને અસ્થિર કરવાનો આ પ્રયાસ હોય છે. 2. સુરક્ષા વ્યવસ્થાની પરીક્ષા કરવીઆવા ઈમેઈલ દ્વારા અપરાધીઓ પોલીસ અને વહીવટી તંત્રની કામગીરી સમજવાનો પ્રયાસ કરે છે–પોલીસ કેટલા સમયમાં પહોંચે છે, ઈવેક્યુએશન કેવી રીતે થાય છે, કઈ એજન્સી પહેલા રિસ્પોન્સ આપે છે. આ માહિતી ભવિષ્યમાં મોટા ગુનાઓ માટે ઉપયોગી બની શકે છે. શાળા, એરપોર્ટ અને સરકારી કચેરીઓને જ કેમ નિશાન બનાવે છે? શાળા, એરપોર્ટ, હોસ્પિટલ અને સરકારી કચેરીઓ જેવી જગ્યાઓ પર ધમકી આપવાથી તેની અસર સૌથી વધુ થાય છે. બાળકો, વાલીઓ, મુસાફરો અને સરકારી કર્મચારીઓ સંડોવાયેલા હોવાથી તરત જ બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને પોલીસને કામે લગાવવું પડે છે. શિક્ષણ અટકે છે, ફ્લાઇટ્સ કેન્સલ કે ડિલે થાય છે અને વહીવટી કામગીરી બંધ થઈ જાય છે. અંતે હેતુ એક જ–દેશની વ્યવસ્થા ખોરવવી. સાયબર ગુનેગારો સામાન્ય રીતે પ્રોટોનમેઈલ કે ટેમ્પરરી ઈમેઈલ જેવી ગુપ્ત સેવાઓનો ઉપયોગ કરે છે. ખોટા નામથી એકાઉન્ટ બનાવી, VPN અથવા Tor બ્રાઉઝર દ્વારા IP એડ્રેસ છુપાવાય છે. કેટલાક કિસ્સામાં ઈમેઈલ સ્પૂફિંગનો ઉપયોગ થાય છે, મોકલનારની ઓળખ છુપાય. પોલીસની સાયબર ક્રાઈમ યુનિટ ઈમેઈલ હેડર્સ, લોગિન IP, ટાઈમસ્ટેમ્પ અને ડિજિટલ ટ્રેઈલનું વિશ્લેષણ કરે છે. ઈમેઈલ સર્વિસ પ્રોવાઈડર પાસેથી કાનૂની રીતે માહિતી મેળવી શકાય છે. જો અપરાધી વિદેશમાં હોય તો ઈન્ટરપોલ જેવી એજન્સીની મદદ લેવાય છે.

“મારા મતે આ ભૌતિક હુમલો નથી, પરંતુ માનસિક હુમલો છે. આ સાયબર વોરફેરનો એક ભાગ છે, જેનો મુખ્ય હેતુ ડર ઊભો કરવો, વ્યવસ્થા ખોરવવી અને સમગ્ર વહીવટી તંત્રની SOP સમજવી છે.”
**મયુર ભુસાવળકર,** સાયબર એક્સપર્ટ

### મેઇલ મોકલનાર શખસનું લોકેશન મેળવવાની કાર્યવાહી કરાઇ રહી છે

બોમ્બની ધમકી મળતાની સાથે જ એસઓજી, ક્રાઇમ બ્રાન્ચ તથા સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની જુદી-જુદી ટીમો બનાવી લોકલ પોલીસને સાથે રાખી મલ્ટીપલ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડની ટીમો સાથે સ્કુલ મેનેજમેન્ટ, ફેકલ્ટી સાથે સંકલનમા રહી તાત્કાલિક પ્રતિસાદ આપીને તમામ સંબંધિત શાળાઓ ખાતે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ, સ્થાનિક પોલીસ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG) તથા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સંકલિત કામગીરી કરીને શાળા પરિસરો, વર્ગખંડો, પાર્કિંગ વિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ અને સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરાઇ હતી. પોલીસ દ્વારા મેઇલનું લોકેશન મેળવવા સહિતની કામગીરી કરાઇ રહી છે. અન્ય એજન્સીઓની પણ તપાસના માટે મદદ લેવામાં આવશે.
**નરસિમ્હા કોમાર,** પોલીસ કમિશનર



**બાળકો તથા વાલીઓ સહિતના લોકોમાં ભયનો માહોલ**

**તમામ સ્કૂલોમાંથી વિદ્યાર્થીઓને તાત્કાલિક રજા આપવામાં આવી હતી**

### શહેરની કઇ-કઇ સ્કૂલોને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી

1.ડી.આર.અમીન સ્કૂલ, ગદાપુરા 2.ઊર્મિ સ્કૂલ,સમા સાવલી રોડ 3.સરદાર વિનય મંદિર સ્કૂલ, કારેલીબાગ4. બરોડા હાઈસ્કુલ, બગીખાના 5.નવયુગ,સમા 6.જીવન સાધના, નાગરવાડા 7. બરોડા હાઈસ્કૂલ, મકરપુરા 8. બિલાબોંગ સ્કૂલ, વડસર 9.આત્મીય વિદ્યાલય, માંજલપુર 10. ડોન બોસ્કો, માંજલપુર 11.ઓક્ઝેલિયમ સ્કૂલ, માંજલપુર12. ઝેનિથ સ્કૂલ, પ્રતાપનગર 13. અમેરિકન સ્કૂલ ઓફ બરોડા, આજવા રોડ 14. નૂતન વિદ્યાલય, સમા15.શાનેન સ્કૂલ, કારેલીબાગ 16. બરોડા હાઈસ્કૂલ, અલકાપુરી 17. બરોડા હાઈસ્કૂલ, ઓએનજીસી 18. બ્રાઈટ અમિત નગર, કારેલીબાગ

### બ્રાઇટ સ્કૂલમાં ધમકીને પગલે ચેકિંગ

વડોદરા શહેરની અમિતનગર પાસે આવેલી બ્રાઈટ સ્કૂલને સાંજના સમયે સ્વાતિ પટેલ નામની યુવતીના આઈડી પરથી સ્કૂલમાં બોંબ મૂકાયો હોવાની ધમકી મળી હતી. જેને લઈને પોલીસ સતર્ક થઇ ગઇ હતી અને શાળામાં ચેકિંગ શરૂ કર્યું હતું. આજે શાળામાં રજા અપાઈ છે.

### શાળાઓએ નિયમોનુસાર પગલાં લેવા DEOની સૂચના

શહેરની શાળાઓને મળેલી બોંબની ધમકીને પગલે ડીઈઓ મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, વડોદરાની સ્કુલોને બોમ્બથી ધમકી મળ્યાનો ઈમેલ મળ્યો છે. તો આપણે જે સ્કુલમાં આ ધમકી મળી છે, તે સ્કૂલોને સલામતીના ભાગરૂપે વિદ્યાર્થીઓની સલામતી મહત્વની છે. બાળકોને તાત્કાલિક અસરથી સલામત ઘરે પહોંચાડવા, એ ઉપરાંત પોલીસ દ્વારા સઘન તપાસ પણ ચાલુ છે. ટૂંકમાં જે જે સ્કુલોમાં ઈમેલ મળેલ છે. એ તમામ સ્કૂલોને સૂચના આપવામાં આવી છે કે બાળકોની સલામતી માટે નિયમ અનુસાર પગલાં લેવાય તેમ ઉમેર્યું હતું.

---

કરોડિયા આકારણી કૌભાંડમાં ભાજપની ‘સર્જિકલ સ્ટ્રાઇક’

## વોર્ડ-8 ના પ્રમુખ અને મહામંત્રીની સત્તા છીનવાઈ,હાઈકમાન્ડ લાલઘૂમ

વડોદરા મહાનગરપાલિકામાં કરોડિયા વિસ્તારના બહુચર્ચિત આકારણી કૌભાંડે રાજકીય મોરચે મોટો ભડકો કર્યો છે. આ કૌભાંડમાં સંગઠનના હોદ્દેદારોની સંડોવણીના સંકેતો મળતા જ શહેર ભાજપ હરકતમાં આવ્યું છે. શિસ્તના આગ્રહી ગણાતા પક્ષે કોઈ પણ જાતની શેહશરમ રાખ્યા વિના વોર્ડ નંબર 8 ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડા પાસેથી રાજીનામા લખાવી લેતા રાજકીય વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે, કરોડિયા વિસ્તારમાં અનેક મિલકતોની એન.એ. પ્રક્રિયા પૂર્ણ થયા વગર જ તેની ગેરકાયદેસર રીતે આકારણી કરી દેવામાં આવી હતી. આ ગંભીર ગેરરીતિ અંગે ધારાસભ્ય કેયુર રોકડીયાએ પુરાવા સાથે પાલિકા તંત્ર અને સંગઠનનું ધ્યાન દોર્યું હતું. પક્ષના જ હોદ્દેદારો દ્વારા આર્થિક હિત સાધવા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની વિગતો પ્રદેશ નેતાગીરી સુધી પહોંચતા હાઈકમાન્ડે કડક વલણ અપનાવ્યું હતું.



ગઈકાલે મોડી સાંજે બંને હોદ્દેદારોએ પોતાના રાજીનામા શહેર પ્રમુખને સોંપી દીધા હતા. જોકે, કાગળ પર રાજીનામા પાછળ ‘અંગત કારણો’ દર્શાવવામાં આવ્યા છે, પરંતુ ચર્ચાઈ રહ્યું છે કે, આ આકારણી કૌભાંડના છાંટા પક્ષ પર ન ઉડે તે માટે તેમને રાજીનામું આપવા મજબૂર કરવામાં આવ્યા છે.

### કૌભાંડની ‘આકારણી’ ભારે પડી

કરોડિયાના આકારણી કૌભાંડમાં જે રીતે ધારાસભ્ય કેયુર રોકડીયાએ પાલિકાનું ધ્યાન દોર્યું અને ત્યારબાદ સીધા જ સંગઠનના હોદ્દેદારોના પત્તાં કપાયા, તેણે વડોદરા ભાજપમાં ખળભળાટ મચાવી દીધો છે. એન.એ. વગરની મિલકતોના દસ્તાવેજોમાં કાગળ પરના ખેલ પાડનારા તત્વો માટે આ રાજીનામા એક ‘ચેતવણી સમાન’ મનાઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હજુ તો આ માત્ર શરૂઆત છે. આગામી દિવસોમાં પાલિકાના શંકાસ્પદ અધિકારીઓ પર પણ ગાજ પડી શકે તેમ છે.

---

ગરમીનો પારો 34.4 ડીગ્રી નોંધાયો

## દિશા બદલાઈ પશ્ચિમના પવન ફૂંકાતા વાતાવરણ શુષ્ક

( પ્રતિનિધિ ) વડોદરા,તા.16

વડોદરા શહેરમાં ધીમે ધીમે હવે આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શહેરમાં પવનની દિશા બદલાઈને પશ્ચિમની થતા ગરમીનો પારો 34.4 ડિગ્રીએ પહોંચ્યો છે. જેને કારણે બપોરે ભારે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં ઠંડીનું જોર સાવ ઘટી ગયું છે. ખાસ કરીને દિવસે ઉનાળાની શરૂઆત જેવો અહેસાસ થઈ રહ્યો છે.

જોકે, વહેલી સવારે અને મોડીરાત્રે ઠંડી અનુભવાઈ રહી છે. નિષ્ણાંતોના મતે હાલ કોઈ ખાસ વેધર સિસ્ટમ નથી અને ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાઈ રહ્યા છે. જ્યારે આગામી ચાર દિવસ સુધી લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળશે નહીં. જે બાદ ઉત્તરોતર બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધશે. જ્યારે સાત દિવસ દરમિયાન હવામાન શુષ્ક રહેશે.

વડોદરામાં સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 34.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 17 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 64 % અને સાંજે 31% નોંધાયો હતો. ફેબ્રુઆરીના અંતિમ બે અઠવાડિયામાં દિવસનું તાપમાન 35 ડિગ્રી સુધી અને ન્યૂનતમ પારો 16 થી 20 ડિગ્રી વચ્ચે જોવા મળી શકે છે.

હાલમાં ધીમે ધીમે ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થતા શહેરના રાજમાર્ગો પર હવે ઠંડા પીણા સહિત રસની હાટડીયો પણ લાગી ગઈ છે.

---

કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષાના સાધનો વીના ડ્રેનેજમાં ઉતારતા બે કામદારોના મોત થયા હતા

## ખટંબા ખાતે ગટરમાં ઉતારી કામગીરી કરાવનાર બે સામે હત્યાનો ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

તાજેતરમાં જ ખટંબા ખાતે ગટરમાં કોઈપણ પ્રકારના સાધનો સિવાય બે કામદારોને સફાઈ કરવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા અંદર ઉતારવામાં આવ્યા હતા. જેમાં ગેસની અસર થતા ગુંગળામણ કારણે બંને કામદારના મોત નીપજ્યા હતા. મહેસાણા ખાતે રહેતા જયતિ અંબાલાલ પટેલ જયંતિસુપર કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડના પ્રોપ્રાઈટર છે. આ કોન્ટ્રાક્ટર દ્વારા ગત 2 નવેમ્બર 2022ના રોજ વડોદરા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી પાસેથી ટી.પી.સ્કીમ નં.25 (હનુમાનપુરા, અણખોલ, બાપોદ, ખટમ્બા) ખાતે આવેલી 18 મીટર રોડ પર ડ્રેનેજ લાઈનની કામગીરી કરવા માટે ડ્રાફ્ટ એગ્રીમેન્ટથી કન્સ્ટ્રકશન અંગેનો કોન્ટ્રાક્ટ લેવામાં આવ્યો હતો. પરંતુ



ડ્રાફ્ટ એગ્રીમેન્ટમાં કરેલ કડીશન મુજબ કોન્ટ્રાક્ટર જયંતિ પટેલ દ્વારા ટેન્ડરની કડીશનની સરતોનો ભંગ કરી ગ્રીસ્વા ઈન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી અમદાવાદના પ્રોપ્રાઈટર સંજય માધવજીભાઈ ખુંટને ડ્રેનેજની લાઈનની કામગીરી કરવા માટેનો પેટા કોન્ટ્રાક્ટ આપ્યો હતો. પેટા કોન્ટ્રાક્ટર સારી રીતે જાણતા હતા કે ગટરમાં સાફસફાઈ કરવા માટેના સલામતીના સાધનો વિના ગટરમાં ઉતરી કામ કરવામાં આવે તો ગેસ ગળતર થવાના કારણે ગૂંગળામણ થવાના કામદારોનું મોત પણ થઈ શકે છે તેમ છતા તેઓએ અક્ષયભાઈ શનાભાઈ ભાભોર (ઉ.વ.23 રહે. સરસોડા તા.ગરબાડા, જી.દાહોદ તથા વિપુલભાઈ મનસુખભાઇ માંગરોલિયા( રહે. સી/501, શિવમ રેસિડન્સી, ગાયત્રી બંગ્લોઝ સામે, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ શહેર)ને સલામતીના સાધનો પૂરા નહીં પાડી ડ્રેનેજની સાફસફાઈ કરી કન્સ્ટ્રકશનની કામગીરી કરવાનું કામ સોંપ્યું હતું. જેથી બંને કામદાર ડ્રેનેજમાં કામગીરી કરવા ઉતર્યા હતા. જેમાં ગૂંગળામણ થતા બન્ને ના મોત નીપજ્યા હતા.જેથી વરણામા પોલીસે બેદરકારી રાખનાર બંને કોન્ટ્રાકટર જયંતી પટેલ તથા સંજય ખૂટ વિરુદ્ધ માનવવધનો ગુનો નોધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરાઈ છે.

---

કાળમુખા બાઈક ચાલકની સ્પીડનો ‘બલિ’ બન્યો 5 વર્ષનો ધર્વ, સુશેન સર્કલ લોહીથી ખરડાયું, એક માનો ખોળો થયો ઉજ્જડ

## સુશેન સર્કલ પાસે અકસ્માતમાં 5 વર્ષના ધર્વનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

શહેરના વ્યસ્ત ગણાતા સુશેન સર્કલ પાસે ગઈકાલે સાંજે સર્જાયેલા એક ભયાનક અકસ્માતે માનવતાને હચમચાવી દીધી છે. રસ્તો ક્રોસ કરી રહેલા એક હસતા-રમતા પરિવાર પર કાળ બનીને આવેલા બાઈક ચાલકે એવી ટક્કર મારી કે, 5 વર્ષના માસૂમ ધર્વનું પ્રાણપંખેરું ઊડી ગયું. આ અકસ્માતે એક માતાનો ખોળો ઉજ્જડ કરી નાખ્યો છે અને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગઈકાલે સાંજે આશરે પાંચેક વાગ્યાના સુમારે જુહીબેન શર્મા પોતાના પાંચ વર્ષના પુત્ર ધર્વનો હાથ પકડીને સુશેન સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તેમની સાથે અફસાના સૈયદ નામની યુવતી પણ રસ્તો ઓળંગી રહી હતી.

સાંજનો સમય હોવાથી ટ્રાફિકની ચહલપહલ હતી, પરંતુ કોઈને



ખ્યાલ નહોતો કે ફૂલઝડપે આવતું એક બાઈક આ પરિવારની દુનિયા વેરવિખેર કરી નાખશે. ગફલતભરી રીતે બાઈક હંકારી રહેલા ચાલકે કાબૂ ગુમાવતા ત્રણેયને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે ત્રણેય ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા માસૂમ ધર્વ અને બંને મહિલાઓને જોઈને આસપાસના લોકોના કાળજા કંપી ઉઠ્યા હતા. ઘટના બાદ તુરંત જ 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, વિધિની વક્રતા તો જુઓ, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ 5 વર્ષના ધર્વને મૃત જાહેર કર્યો હતો. જે બાળક થોડી મિનિટો પહેલા માતાનો હાથ પકડીને કાલુ-કાલુ બોલતો હતો, તે હવે કાયમ માટે શાંત થઈ ગયો હતો.

બીજી તરફ, ગંભીર રીતે ઈજાગ્રસ્ત જુહીબેન હાલ સારવાર હેઠળ છે. હોસ્પિટલના બિછાને વેદનાથી કણસતી માતાને હજુ કદાચ ખબર પણ નથી કે જે પુત્ર માટે તે પીડા સહન કરી રહી છે, તે હવે આ દુનિયામાં રહ્યો નથી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

ભાગવાનો પ્રયાસ કરી રહેલા બાઈક ચાલકને સ્થાનિકોએ ઝડપી પાડી મેથીપાક ચખાડ્યો હતો અને બાદમાં માંજલપુર પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### બાઇકની સ્પીડ ખૂબ જ વધારે હતી

બાઈક પર સવાર ત્રણ લોકોમાંથી અમે એક વ્યક્તિને પકડીને એમ્બ્યુલન્સમાં સાથે લાવ્યા હતા. તેને પણ થોડી ઈજાઓ થઈ હતી, પરંતુ સારવાર બાદ તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. ત્યારબાદ અમે 112 પર કોલ કરીને તેને માંજલપુર પોલીસને સોંપ્યો છે. બાકીના બે લોકો વિશે હજુ કોઈ માહિતી મળી નથી. આજુબાજુના લોકોના જણાવ્યા મુજબ બાઈકની સ્પીડ ખૂબ જ વધારે હતી. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવી રહ્યા છે જેનાથી વધુ સ્પષ્ટતા થશે. બંને મહિલાઓ અમારી ઓફિસમાં જ કામ કરે છે. તેમના નામ જુહી શર્મા અને સૈયર અફઝલ છે. જ્યારે મૃતક બાળકનું નામ ધર્વ હતું. **રિતેશ વાઘેલા** (જુહી બેનના સહકર્મી)

હોસ્પિટલમાં દાખલ મારી દીકરી કહે છે કે, મારા છોકરાનો મોબાઈલમાં ફોટો પાડીને મને બતાવો. સતત ધર્વના ખબરઅંતર પૂછી રહી છે. **રાજેશભાઈ** (મૃતક ધર્વના નાના)

**માનવતાનો સવાલ** । શું રસ્તા પરની ઝડપ કોઈના વહાલસોયાના જીવથી વધુ કિંમતી છે ? એક બેદરકાર ડ્રાઈવિંગે આજે એક માનો લાડકવાયો છીનવી લીધો છે. પાંચ વર્ષનો ધર્વ તો જતો રહ્યો, પણ તે પાછળ મૂકી ગયો છે સિસ્ટમ સામે અનેક સવાલો અને એક ક્યારેય ન ભરાય તેવો ઘા.

---

વિપક્ષી નેતાએ નીચે બેસી બજેટનો વિરોધ કર્યો

## જિ.પં.ની બજેટ સભામાં ‘સરદાર’ મુદ્દે સત્તાધારી પક્ષ અને વિપક્ષ આમને-સામને!

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા જિલ્લા પંચાયતની બજેટ લક્ષી સામાન્ય સભા આજે ભારે હોબાળા અને રાજકીય ખેંચતાણ વચ્ચે સંપન્ન થઈ હતી. એક તરફ શાસક પક્ષે આ બજેટને ‘વિકાસલક્ષી’ ગણાવ્યું હતું, તો બીજી તરફ વિપક્ષે તેને માત્ર ‘કાગળ પરના આંકડા’ ગણાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નામે ફાળવણી મુદ્દે સભામાં ભારે તુ-તુ મેં-મેં જોવા મળી હતી. સભાની શરૂઆતમાં જ વિપક્ષી નેતાએ આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે બજેટમાં સરદાર વલ્લભભાઈ પટેલ માટે વિશેષ ફાળવણી કરવાની માંગ સાથે સભામાં નીચે બેસીને વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દે વળતો પ્રહાર કરતા કારોબારી ચેરમેને જણાવ્યું હતું કે, “સરદાર



વલ્લભભાઈ પટેલ અમારા આદર્શ છે અને તેમના માટે બોલવાનો પ્રથમ હક અમારો છે.” આ શાબ્દિક યુદ્ધને કારણે ગૃહમાં થોડો સમય તંગદિલી વ્યાપી ગઈ હતી. જિલ્લા પંચાયત પ્રમુખે બજેટ રજૂ કરતા જણાવ્યું હતું કે આ બજેટ જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપશે. જોકે, વિપક્ષે આ દાવાઓને ફગાવી દેતા આરોપ લગાવ્યો હતો કે બજેટમાં માત્ર મોટી વાતો છે અને વાસ્તવિકતામાં કોઈ નક્કર આયોજન નથી. વિપક્ષના મતે આ બજેટ માત્ર કાગળ પર જ સીમિત છે. સામાન્ય સભામાં ત્યારે ભારે વિવાદ થયો જ્યારે કારોબારી ચેરમેનના એક અંગત માણસ નિયમ ભંગ કરીને સભાખંડમાં ખુરશી પર બેઠેલા જોવા મળ્યા હતા. આ વ્યક્તિ માત્ર સભા નિહાળી જ નહોતો રહ્યો, પરંતુ મોબાઈલથી ફોટોગ્રાફી પણ કરી રહ્યો હતો, જે સભાના નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.